# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,ગાંધીનગર
## પ્રવેશ ૨૦૨૪ - ૨૦૨૫

# સામાન્ય નિયમો અને સૂચનાઓ :

૧. યુનિવર્સિટી ખાતે ચાલતા નીચેના અભ્યાસક્રમો માટે વર્ષ ૨૦૨૪-૨૫નાં પ્રવેશમાટે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર ફરજિયાત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાત | સમયગાળો | ફી રૂ. | | ઉપલબ્ધ બેઠક(Intake) |
|---|---|---|---|---|---|---|
| | | | | ભાઈઓ | બહેનો | |
| 1 | MSW | Any Graduate | 2 Years | 2250/- | 1800/- | 35 |
| 2 | M.Sc. (Foods& Nutrition) | * B.Sc. Foods & Nutrition<br>* B.Sc. Home Science<br>* BA Home Science<br>* BRS Home Science | 2 Years | 5000/- | 4050/- | 35 |

૨. પ્રવેશ મેળવ્યા પછી કોઈપણ તબક્કે શૈક્ષણિક લાયકાત કે અન્ય માહિતી અધૂરી કે ખોટી રજૂ કરેલી જણાશે તો પ્રવેશ રદ કરવામાં આવશે.
૩. ગુજરાત સરકારના પ્રવર્તમાન અનામતનાધોરણો અનુસાર પ્રવેશ આપવામાં આવશે.
૪. પ્રવેશ પ્રક્રિયાનું અને અભ્યાસનું સ્થળ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર રહેશે. તેમજ ઉમેદવારે પ્રવેશ પ્રક્રિયા દરમિયાન સ્વ- ખર્ચે આવવાનું રહેશે.
૫. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે અનુસ્નાતક પ્રોગ્રામ માટેની એનરોલમેન્ટ ફી રૂ. ૨૫૦/- રહેશે.
૬. ઉમેદવારે યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમમાં GCAS પર ઓનલાઈન અરજી કરી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે અને તેની પ્રિન્ટ તથા તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો સાથે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સુભાષચંદ્રબોઝ શિક્ષણ સંકુલ, છ-૫ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સર્કલ પાસે, સેકટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧ ખાતે જે તારીખો નક્કી થાય તે મુજબ વેરીફીકેશન માટે તમામ અસલ પ્રમાણપત્રો લઈ રૂબરૂ આવવાનું રહેશે. નક્કી થયેલ તારીખ બાદ અરજી કોઈપણ સંજોગોમાં વેરીફીકેશન માટે ધ્યાને લેવામાં આવશે નહી. અનામત વર્ગ માટે અરજી કરેલ વિદ્યાર્થીઓએ નીચેના અસલ પ્રમાણપત્રો ખાસ લાવવા.

- એસ.સી/એસ.ટીના ઉમેદવારોએ જાતિનું પ્રમાણપત્ર
- ઓ.બી.સીના ઉમેદવારોએ સરકારશ્રીના ધારા-ધોરણ પ્રમાણેનું માન્ય નોનક્રિમિલેયર પ્રમાણપત્ર
- સરકારશ્રીના ધારા-ધોરણ પ્રમાણેનું માન્ય ઇ.ડબલ્યુ.એસ. નું પ્રમાણપત્ર
- શારિરીક વિકલાંગ ધરાવનાર ઉમેદવારોએ વિકલાંગતાનું પ્રમાણપત્ર

૭. યુનિવર્સિટી દ્વારા અભ્યાસક્રમો અંતર્ગત મેરીટ યાદી જાહેર કરવામાં આવશે અને તેમાં પસંદગી પામેલ ઉમેદવાર જો યુનિવર્સિટીએ આપેલ અંતિમ તારીખ સુધીમાં ફી જમા નહીં કરાવે તો પ્રતિક્ષાયાદીમાં રહેલા ઉમેદવારોને અગ્રતાક્રમ આપવામાં આવશે.

૮. એડમિશન મળી ગયા બાદ માઈગ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે તેમજ ફાઈનલ એલિજીબિલીટી મેળવવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ કરવામાં આવશે.

૯. અનુસ્નાતક અભ્યાસક્રમ(MSW અને M.Sc.(Foods&Nutrition) માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ થીયરીના વર્ગમાં ૮૦% અને પ્રેક્ટીકલ કાર્યમાં ૯૦% હાજરી આપવાની રહેશે.

૧૦. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં મુકેલ Bio-Metric મશીનમાં Face Recognition કરીને ફરજીયાત દૈનિક હાજરી પુરવાની રહેશે. પુરતી હાજરી નહિ હોય તો(થીયરીના વર્ગમાં ૮૦% અને પ્રેક્ટીકલ કાર્યમાં ૯૦%) સત્ર મંજુર કરવામાં આવશે નહિ અને જેઓના સત્ર મંજુર નહિ થાય તેઓ યુનિવર્સિટી પરીક્ષામાં બેસી શકશે નહિ.

૧૧. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનાં હેતુઓને ધ્યાનમાં રાખતા MSW અને M.Sc. (Foods& Nutrition)નાં અભ્યાસક્રમ, પ્રોજેકટ વર્ક, ફિલ્ડ વર્ક, સેમિનાર પ્રેઝેન્ટેશન અને ડિઝરટેશનનાં વિષયો બાળકોના સર્વાંગીણ  વિકાસને લગતા એટલે કે બાળ કેન્દ્રિત(Child Centric) રહેશે.

૧૨. તમામ . વિદ્યાર્થીઓને યુનિવર્સિટીનો PG ordnance, 2024 લાગુ પડશે.

**નોંધ: યુનિવર્સિટીનો કાર્યાલય સમય સોમ થી શુક્ર સવારે : 10.30 થી 6.10 નો છે તથા પ્રથમ, ત્રીજા અને પાંચમા શનિવારે સવારે: ૯.૦૦ થી ૩.૦૦ નો રહેશે.  (મહિનાના બીજા અને ચોથા શનિવાર તથા જાહેર રજાનાં દિવસે યુનિવર્સિટી કાર્યાલય બંધ રહેશે.)**

****************